ॐ

# એકાંત મૌન આરાધના શિબિર

(તા. ૨૧ થી ૨૫ ફેબ્રુવારી ૨૦૦૯)

## સમાધિશતક

**સંચાલન**

પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારી

**શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ**

નેશનલ હાઈવે, ૮/એ, સોભાગ પરા, સાયલા-૩૬૩ ૪૩૦,

જી. સુરેન્દ્ર નગર.

ॐ

# એકાંત મૌન આરાધના શિબિર

(તા. ૨૧ થી ૨૫ ફેબ્રુવારી ૨૦૦૯)

## સમાધિશતક

સંચાલન
પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારી

**શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ**
નેશનલ હાઈવે, ૮/એ, સોભાગ પરા, સાયલા-૩૬૩ ૪૩૦,
જી. સુરેન્દ્ર નગર.

# ■ અનુક્રમણિકા ■


| ગાથા નં. | પાના નં. |
|---|---|
| ગાથા ૧ થી ૪ | ૧ |
| ગાથા ૫ થી ૮ | ૨ |
| ગાથા ૯ થી ૧૧ | ૩ |
| ગાથા ૧૨ થી ૧૬ | ૪ |
| ગાથા ૧૭ થી ૨૦ | ૫ |
| ગાથા ૨૧ થી ૨૩ | ૬ |
| ગાથા ૨૪ થી ૨૭ | ૭ |
| ગાથા ૨૮ થી ૩૧ | ૮ |
| ગાથા ૩૨ થી ૩૫ | ૯ |
| ગાથા ૩૬ થી ૩૯ | ૧૦ |
| ગાથા ૪૦ થી ૪૨ | ૧૧ |
| ગાથા ૪૩ થી ૪૬ | ૧૨ |
| ગાથા ૪૭ થી ૪૯ | ૧૩ |
| ગાથા ૫૦ થી ૫૪ | ૧૪ |
| ગાથા ૫૫ થી ૫૭ | ૧૫ |
| ગાથા ૫૮ થી ૬૧ | ૧૬ |
| ગાથા ૬૨ થી ૬૩ | ૧૭ |
| ગાથા ૬૪ થી ૬૮ | ૧૮ |
| ગાથા ૬૯ થી ૭૧ | ૧૯ |
| ગાથા ૭૨ થી ૭૫ | ૨૦ |
| ગાથા ૭૬ થી ૭૯ | ૨૧ |
| ગાથા ૮૦ થી ૮૩ | ૨૨ |
| ગાથા ૮૪ થી ૮૭ | ૨૩ |
| ગાથા ૮૮ થી ૯૧ | ૨૪ |
| ગાથા ૯૨ થી ૯૫ | ૨૫ |
| ગાથા ૯૬ થી ૯૯ | ૨૬ |
| ગાથા ૧૦૦ થી ૧૦૩ | ૨૭ |
| ગાથા ૧૦૪ | ૨૮ |

# પ્રસ્તાવના

## સમાધિશતક

કેવલ આતમબોધ હૈ, પરમારથ શિવ-પંથ !
તામે જિનકું મગનતા, સોઈ ભાવ-નિગ્રંથ.....ગાથા ૨

શ્રી યશોવિજયજી ઉપાધ્યાય રચિત સમાધિશતક નું પ્રશિક્ષણ ફેબ્રુઆરી ૨૦૦૯ મહિનાની એકાંત મૌન આરાધના શિબિરમાં લેવાનું નક્કી કરેલ છે.

જે સાધકોએ પોતાના જીવનમાં વૈરાગ્ય તથા ઉપશમ ગુણોનું ઘડતર કરેલ છે તેમને આ શતકમાં ગુંથાયેલ રહસ્યો ને સમજવા મુશ્કેલ નથી. સમજણ ની સાથે સાધકના જીવનમાં સમભાવ કેળવાય તો સમાધિ ભાવ માં આવવું ઘણું સરળ બની જશે.

દોધિક શતકે ઉદ્ધર્યુ, તંત્ર સમાધિ વિચાર,
ધરો એહ બુધ કંઠમેં, ભાવ રતનકો હાર.

તા. ૨૧-૦૨-૨૦૦૯

**પ્રકાશન સમિતિ**
શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ

# સમાધિશતક

મહોપાધ્યાય પ.પૂ. યશોવિજયજી મહારાજે રચેલું આ સમાધિશતક, આ ગ્રંથમાં આપેલા બધા જ શતકોમાં આગવી વિશેષતા ધરાવે છે. આ એક અલૌકિક શતક છે. મોક્ષમાર્ગની આરાધનામાં જ સમાધિ-ચિત્તની સ્વસ્થતા પ્રાણરૂપ છે, શ્વાસસ્વરૂપ છે. એ સમાધિને પૂ. ઉપાધ્યાયજી મહારાજ પચાવી ગયા હોય એવું આ કૃતિ વાંચતા લાગ્યા વગર ન રહે. આ ભવ્ય કૃતિ પૂ. ઉપાધ્યાયજી મહારાજના જ્ઞાનામૃતના ભોજનનો ઓડકાર કહીએ તો પણ ચાલે. જૈનશાસનની અનુપમ સમાધિના રહસ્યે તેઓ શ્રી આરપાર પામી ગયા હોય એને સ્પષ્ટ જોવાનો અરીસો આ સમાધિશતક છે. આ સમાધિ શતકનો સ્વાધ્યાય કરવાથી કોઈ અપૂર્વ આત્મમસ્તી અનુભવવા મળશે. એમાં કોઈ શંકાને સ્થાન નથી.

# સમાધિશતક

સમરી ભગવતી ભારતી, પ્રણમી જિન જગ બંધુ;
કેવલ આતમ-બોધકો, કરશું સરસ પ્રબંધ. ૧

ભગવતી ભારતી સરસ્વતી માતાનું સ્મરણ કરીને, જગતના બંધુ શ્રી જિનેશ્વર ભગવંતને પ્રણામ કરીને જેનાથી કેવળ આત્મબોધ થાય, તે આત્મબોધનો સરસ પ્રબંધ રચીશું. ૧

કેવલ આતમ-બોધ હે, પરમારથ શિવ-પંથ;
તામે જિનકું મગનતા, સોઈ-ભાવ નિર્ગ્રંથ. ૨

ફક્ત આત્મબોધ જ પરમાર્થથી મોક્ષનો માર્ગ છે, તે આત્મજ્ઞાનમાં જેમની મગ્નતા છે, તે જ ભાવનિગ્રંથ જાણવા. ૨

ભોગ જ્ઞાન જ્યું બાલકો, બાહ્ય જ્ઞાનકી દોર;
તરૂણ ભોગ અનુભવ જિસ્યો, મગન-ભાવ કછુ ઓર. ૩

પુખ્ત વયના પુરુષને જેવું ભોગનું જ્ઞાન હોય તેવું ભોગનું જ્ઞાન જેમ બાળકને હોતું નથી, તેવી જ રીતે જે જીવો બાહ્યજ્ઞાનની દોરમાં જ્યાં ત્યાં ભ્રાંતિથી સુખની બુદ્ધિ ધારણ કરી રહ્યા છે, તેઓને આત્મજ્ઞાનથી થતું સુખ અને તેની મગ્નતાનું ભાન હોતું નથી. અર્થાત્ તેમને અનુભવજ્ઞાન હોતું નથી. આત્મમગ્ન ભાવ કોઈ જુદો જ છે ! ૩

આતમ - જ્ઞાને મગન જો, સો સબ પુદ્ગલ ખેલ;
ઈંદ્રજાલ કરિ લેખવે, મિલે ન તિંહા મન-મેલ. ૪

જે આત્મા આત્મજ્ઞાનમાં મગ્ન છે, તે સર્વ સોનું, રૂપું, આભૂષણ તથા આહાર વગેરે પુદ્ગલના ખેલને ઈંદ્રજાલ સમાન ગણે છે, તે

પૌદ્ગલિક પદાર્થોમાં તેના મનનો મેળ મળતો નથી-તેનું મન ચોંટતું નથી. ૪

જ્ઞાન બિના વ્યવહાર કો, કહા બનાવત નાચ ?
રત્ન કહો કોઉ કાચકું, અંત કાચ સો કાચ ૫

જ્ઞાન વિના ફક્ત એકલા વ્યવહારથી (ક્રિયાકાંડથી) મુક્તિની સાધના કરવી તે નાટક સમાન છે, કોઈ કાચને રત્ન માની ગ્રહણ કરે પણ છેવટે તો કાચ એ કાચ જ છે, તેવી રીતે જ્ઞાન વિના કેવળ બાહ્ય ક્રિયાથી મુક્તિ થતી નથી. ૫

રાચે સાચે ધ્યાનમેં, યાચે વિષય ન કોઈ;
નાચે માચે મુગતિ - રસ, 'આતમ-જ્ઞાની' સોઈ. ૬

આત્મજ્ઞાનીનું લક્ષણ કહે છે. જે સાચા એવા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં માચી રહે – મગ્નતા ધારણ કરે, પાંચે ઇંદ્રિયોના વિષયોની યાચના કરે નહિ, ફક્ત મોક્ષના રસમાં લયલીન થઈ- મગ્ન થઈ નાચે - આનંદ પામે તેને જ આત્મજ્ઞાની જાણવો. (૬)

બહિર અંતર પરમ એ, આતમ-પરિણતિ તીન;
દેહાદિક આતમ-ભરમ, બહિરાતમ બહુ દીન. ૭

આત્માની પરિણતિ ત્રણ પ્રકારની છે. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. તેમાં પ્રથમ દેહ-વાણી-મન આદિમાં જેને આત્મપણાની બુદ્ધિ છે, તે દીન-બીચારો બહિરાત્મા છે. ૭

ચિત્તદોષ આતમ-ભરમ, અંતર આતમ ખેલ;
અતિનિર્મલ પરમાત્મા, નહિ કર્મ કો ભેલ. ૮

શરીર વગેરેને આત્મા માનવારૂપ ચિત્તના દોષને જે આત્મભ્રમ

માને છે, કાયા વગેરેને સાક્ષીરૂપ માને છે અને જે આત્મામાં રમે છે તે અંતરાત્મા છે. અર્થાત્ જેઓની શરીર વગેરેમાં આત્મપણાની બુદ્ધિ નથી પણ જે શરીરાદિકના સાક્ષીરૂપે વર્તે છે તે અંતરાત્મા છે અને જેઓમાં કર્મ મળેલા નથી- કર્મથી જેઓ રહિત છે અને તેથી જેઓ અત્યંત નિર્મળ છે તે પરમાત્મા છે. ૮

**નરદેહાદિક દેખ કે, આતમ-જ્ઞાને હીન;**
**ઇંદ્રિય બલ બહિરાતમા, અહંકાર મન લીન. ૯**

મનુષ્યદેહ વગેરે જોઈને બહિરાત્મા પોતાને મનુષ્ય માને છે અને આત્મજ્ઞાનથી હીન પાંચ ઈન્દ્રિયોમાં અને તેના બળમાં આત્મભાવ ધારણ કરી અહંકારથી મનમાં લીન થઈ કર્મગ્રહણ કરે છે. ૯

અલખ નિરંજન અકલ ગતિ; વ્યાપી રહ્યો શરીર;
લખ સુજ્ઞાને આતમા, ખીર લીન જ્યું નીર. ૧૦

અલક્ષ્ય (= લક્ષમાં નહિ આવનાર), નિરંજન (= કર્મરૂપી અંજનથી રહિત), અને જેની ગતિ કળી શકાય નહિ એવો આત્મા શરીરમાં અસંખ્યાત પ્રદેશથી વ્યાપી રહ્યો છે, તે જ્ઞાન વડે ઓળખાય છે, દૂધમાં જેમ પાણી મળી ગયું હોય તેમ આત્મા શરીરમાં વ્યાપી રહ્યો છે. ૧૦

**અરિ મિત્રાદિક કલ્પના, દેહાતમ અભિમાન;**
**નિજ પર તનુ સંબંધ મતિ, તાકો હોત નિદાન. ૧૧**

દેહને વિષે આત્મબુદ્ધિના અભિમાનથી શત્રુ, મિત્ર વગેરે કલ્પના થાય છે. આ પારકું અને આ પોતાનું એવો અધ્યવસાય પુદ્ગલ ભાવમાં ઉત્પન્ન કરવામાં કારણભૂત દેહમાં આત્મબુદ્ધિનું અભિમાન છે. ૧૧

દેહાદિક આતમ-ભ્રમેં, કલ્પે નિજ પર ભાવ;
આતમ-જ્ઞાની જગ લહે, કેવલ શુદ્ધ સ્વભાવ. ૧૨

દેહ આદિમાં આત્મબુદ્ધિનો જેને ભ્રમ છે, તેવો પુરુષ 'આ પોતાનું અને આ પારકું છે' એમ કલ્પે છે, આત્મજ્ઞાની કેવળ આત્મિક શુદ્ધ સ્વભાવને જગતમાં પોતાનો માને છે. ૧૨

સ્વ-પર વિકલ્પે વાસના, હોત અવિદ્યારૂપ;
તાતે બહુરી વિકલ્પમય, ભરમ-જાલ અંધકૂપ. ૧૩

સ્વ અને પરના વિકલ્પથી અવિદ્યારૂપ વાસના ઉત્પન્ન થાય છે. તેથી બહુ વિકલ્પ થાય છે અને બહુ વિકલ્પમય ભ્રમજાળરૂપી અંધકૂપમાં ચેતન પડે છે. ૧૩

પુત્રાદિકકી કલ્પના, દેહાતમ-ભ્રમ ભૂલ;
તાકું જડ સંપત્તિ કહે, હહા મોહ પ્રતિકૂલ. ૧૪

જેને સ્વ અને પરનું ભેદજ્ઞાન થયું નથી તે પુત્ર વગેરે પ્રત્યક્ષ પોતાથી ભિન્ન દેખાતા ભાવોને કલ્પનાથી પોતાના માને છે, શરીર આદિને પોતાના માનવા એ ભ્રમનું મૂળ છે, જડબુદ્ધિવાળા તેને પોતાની સંપત્તિરૂપે જાણે છે, અહા ! આ તે કેવી મોહની પ્રતિકૂળતા છે ? ૧૪

યા ભ્રમ-મતિ અબ છાંડિ દો, દેખો અંતર-દૃષ્ટિ;
મોહ-દૃષ્ટિ જો છોડિએ, પ્રગટે નિજ-ગુણ-સૃષ્ટિ. ૧૫

હે ચેતન ! હવે ભ્રાંતિવાળી બુદ્ધિનો ત્યાગ કરી અંતરદૃષ્ટિથી તું આત્માને જો. મોહદૃષ્ટિને છોડી દેવામાં આવે તો પોતાના આત્માના ગુણોની સૃષ્ટિ પ્રગટ થાય છે. ૧૫

રૂપાદિકકો દેખવો, કહન કહાવન કૂટ;
ઈંદ્રય યોગાદિક બલે, એ સબ લૂટાલૂટ. ૧૬

રૂપ આદિને જોવું, તેને કહેવું - કહેવરાવવું એ બધું કૂટ - મિથ્યા છે, પાંચ ઇંદ્રિયો અને મન-વચન-કાયાના યોગથી આત્મા પરભાવમાં રમણ કરવાથી આત્મઋદ્ધિની લૂંટાલૂંટ થાય છે. ૧૬

પરપદ આતમ દ્રવ્યકું, કહન સુનન કછુંનાંહિ;
ચિદાનંદ-ઘન ખેલ હી, નિજપદ તો નિજમાંહિ. ૧૭

આત્મદ્રવ્યને પરપદ-અન્યપદ-પૌદ્‌ગલિક પદાર્થ અંગે કાંઈ કહેવાનું કે સાંભળવાનું પ્રયોજન નથી. કારણ કે જ્ઞાન અને આનંદનો ઘન એવો આત્મા તો પોતાના સ્વરૂપમાં રમણ કરે છે. પોતાનું પદ તો પોતામાં જ છે ૧૭

ગ્રહણ અયોગ્ય ગ્રહે નહિ, ગ્રહ્યો ન છોડે જેહ;
જાણે સર્વ સ્વભાવર્તે, સ્વપર-પ્રકાશક તેહ. ૧૮

આત્મજ્ઞાની પુરુષ ગ્રહણ કરવા માટે અયોગ્ય એવી પૌદ્‌ગલિક વસ્તુને ગ્રહે નહિ, અને ગ્રહણ કરવા યોગ્ય શુદ્ધસ્વરૂપને ગ્રહણ કરીને છોડે નહિ, સર્વ પદાર્થને સ્વભાવથી જાણે છે અને તે સ્વ-પર પ્રકાશક નિર્મળ આત્મજ્ઞાની થાય છે. ૧૮

રૂપેકે ભ્રમ સીપમેં, જ્યું જડ કરે પ્રયાસ;
દેહાતમ-ભ્રમર્તે ભયો, ત્યું તુજ કૂટ અભ્યાસ. ૧૯

જેમ જડ માણસ છીપમાં રૂપાનો ભ્રમ થવાથી તેને લેવા પ્રયાસ કરે છે, તેમ હે ચેતન ! તને દેહમાં આત્મબુદ્ધિના ભ્રમથી ખોટો અભ્યાસ થયો છે ૧૯

મિટે રજત ભ્રમ સીપમેં, જન-પ્રવૃત્તિ જિમ નાહિ;
ન રમે આતમ-ભ્રમ મિટે, ત્યું દેહાદિકમાંહિ. ૨૦

છીપમાં થતી રજતબુદ્ધિનો ભ્રમ મટી જવાથી માણસ છીપને ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરતો નથી, તેમ દેહાદિકમાં થતો આત્મભ્રમ નાશ થવાથી તે તે દેહ આદિમાં રમણ કરતો નથી- દેહાદિકમાં રાગ કરતો નથી ૨૦

ફિરે અબોધે કંઠગત, ચામીકરકે ન્યાય;
જ્ઞાન-પ્રકાશે મુગતિ તુજ, સહજ સિદ્ધિ નિરુપાય. ૨૧.

જેમ કોઈ અજ્ઞાની પોતાના કંઠમાં સોનાની માળા હોવા છતાં મારો હાર ક્યાં ગયો ? એમ કહેતો ફરે છે, પણ તે ભ્રાંતિ દૂર થવાથી પોતાના કંઠમાં જ હાર છે, એમ તેને સત્ય સમજાય છે, તેવી રીતે અજ્ઞાની જીવ દેહાદિક પરવસ્તુમાં આત્મભ્રાંતિ ધારણ કરી જ્યાં ત્યાં આત્મતત્ત્વ શોધે છે પણ જ્ઞાનનો પ્રકાશ થવાથી પોતાનામાં જ આત્મસ્વરૂપ ભાસે છે, બીજા ઉપાય વિના સહજભાવે મુક્તિની સિદ્ધિ થાય છે. ૨૧

યા બિન તું સૂતો સદા, યોગે ભોગે જેણ;
રૂપ અતીંદ્રિય તુઝ તે, કહી શકે કહો કેણે ? ૨૨

આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના તું બાહ્યયોગમાં અને બાહ્ય વસ્તુના ભોગમાં સૂતો હતો. હવે જ્યારે આત્મજ્ઞાન પ્રગટ થયું ત્યારે સમજાયું કે તારું રૂપ અતીન્દ્રિય છે, તેનું વર્ણન કોણ કરી શકે ? અર્થાત્ તેનું વર્ણન થઈ શકે તેમ નથી - તે વચનાતીત છે. ૨૨

દેખે ભાખે ઓર કરે, જ્ઞાની સબહિ અચંભ;
વ્યવહારે વ્યવહારસ્યું, નિશ્ચયમેં થિર થંભ. ૨૩

જ્ઞાની જે કાંઈ દેખે, જે કાંઈ બોલે, અને જે કાંઈ કરે, જ્ઞાનીનું તે સર્વ કર્તવ્ય આશ્ચર્યકારક છે. જ્ઞાની વ્યવહારમાં શુદ્ધરીતે વર્તે છે

અને નિશ્ચયનયે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર સ્થંભ સમાન વર્તે છે. ૨૩

જગ જાણે ઉન્મત્ત ઓ, ઓ જાણે જગ અંધ;
જ્ઞાનીકું જગમેં રહ્યો, યુ નહિ કોઈ સંબંધ. ૨૪

જગત જ્ઞાનીઓને સાચી રીતે જાણી શકતું નથી અને જ્ઞાની જગતને અજ્ઞાની જાણે છે. જ્ઞાની જગતમાં રહેતા છતાં તે કોઈની સાથે સંબંધથી બંધાતો નથી. ૨૪

યા પર છાંહિ જ્ઞાનકી વ્યવહારે જ્યું કહાઈ;
નિર્વિકલ્પ તુજ રૂપ મેં, દ્વિધા ભાવ ન સુહાઈ. ૨૫

જેમ વ્યવહારમાં જ્ઞાનની પરછાયા કહેવાય છે અર્થાત્ ત્યાં વિકલ્પ દશા હોય છે, તેમ નિર્વિકલ્પ આત્મા ! તારા નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપમાં બે પ્રકારનો ભાવ શોભતો નથી- હોતો નથી. ૨૫

યું બહિરાતમ છાંડિકે, અંતર-આતમ હોઈ;
પરમાતમ મતિ ભાવિએ, જિહાં વિકલ્પ ન કોઈ. ૨૬

એમ બહિરાત્મભાવનો ત્યાગ કરીને અંતરાત્મા થઈ જ્યાં સંકલ્પ વિકલ્પ નથી એવા પરમાત્માની શુદ્ધમતિથી ભાવના કરવી. ૨૬

સો મેં યા દ્રઢ વાસના, પરમાતમ પદ હેત;
ઈલિકા ભ્રમરી ધ્યાન ગતિ, જિનમતિ જિનપદ દેત. ૨૭

'હું જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્મા છું.' એવી દઢ વાસના પરમાત્મપદની પ્રાપ્તિમાટે છે, ઈલિકા અને ભમરીના દૃષ્ટાંતે રાગ-દ્વેષરહિત એવી જિનમતિ જિનપદની પ્રાપ્તિના હેતુભૂત થાય છે. શ્રી જિનેશ્વરપરમાત્માના ધ્યાનથી આત્મા સ્વયં જિન બની જાય છે. ૨૭

ભારે ભય પદ સોઈ હે, જિહાં જડકો વિશ્વાસ;
જિનસું ઓ ડરતો ફિરે, સોઈ અભયપદ તાસ. ૨૮

જ્યાં જડ ઉપર વિશ્વાસ છે તે જ સૌથી મોટું ભયસ્થાન છે = બાહ્યપદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે જ મોટું ભયસ્થાન છે. જે જડપદાર્થોથી - બાહ્યભાવોથી આ આત્મા ડરતો ફરે છે- દૂર ભાગે છે, તે જ તેનું અભયપદ-નિર્ભયસ્થાન છે. ૨૮

ઇંદ્રિય-વૃત્તિ નિરોધ કરી, જો ખિનુ ગલિત વિભાવ;
દેખે અંતર આતમા, સો પરમાતમભાવ ૨૯

ઇંદ્રિયોની વૃત્તિનો નિરોધ કરી- સંયમન કરી, વિભાવદશાને દૂર કરી જે અંતરાત્માવડે ક્ષણમાત્ર જોતાં જે જણાય છે તે જ પરમાત્માનું તત્ત્વ છે- પરમાત્મભાવ છે. ૨૯

દેહાદિકતેં ભિન્ન મેં, મોથેં ન્યારે તેહુ;
પરમાતમ-પથ દીપિકા, શુદ્ધ ભાવના એહુ. ૩૦

હું દેહ, વાણી અને મન આદિથી ભિન્ન છું, અને તે દેહાદિક મારાથી ન્યારા છે આવી શુદ્ધભાવના ભાવવી તે પરમાત્મમાર્ગની દીવી છે. ૩૦

ક્રિયા કષ્ટ ભી નહુ લહે, ભેદ-જ્ઞાન-સુખવંત;
યા બિન બહુવિધ તપ કરે, તો ભી નહિ ભવ અંત. ૩૧

ભેદજ્ઞાને (શરીર અને આત્મા ભિન્ન છે તેમ જાણવું તે) કરી સુખી આત્મા ક્રિયાના કષ્ટને પામતો નથી, અને તે ભેદજ્ઞાન વિના અનેક પ્રકારના તપ કરે - શારીરિક કષ્ટક્રિયા કરે તો પણ તેને ભવનો- સંસારનો અંત થતો નથી. ૩૧

અભિનિવેશ પુદ્ગલ વિષય, જ્ઞાનીકું કહાં હોત ?
ગુણકો ભી મદ મિટ ગયો, પ્રકટત સહજ ઉદ્યોત. ૩૨

આત્મજ્ઞાની કે જેને પોતાના જ્ઞાનાદિક ગુણો સંબંધી પણ મદ મટી ગયો હોય છે અને તેને સહજ આત્મસ્વરૂપનો ઉદ્યોત પ્રગટ થયેલો હોય છે તેવા આત્મજ્ઞાનીને પુદ્ગલ સંબંધી અભિનિવેશ હોતો નથી. ૩૨

ધર્મ ક્ષમાદિક ભી મિટૈ, પ્રગટત ધર્મસંન્યાસ;
તે કલ્પિત ભવ-ભાવમેં, ક્યું નહિ હોત ઉદાસ ? ૩૩

ધર્મસંન્યાસયોગ પ્રગટ થતા ક્ષાયિકભાવે આત્મધર્મ પ્રગટ થતાં, ક્ષયોપશમ - ભાવના ક્ષમાદિક બાહ્યધર્મો પણ પોતાની મેળે શમી જાય છે. તો કલ્પિત સંસારના ભાવમાં જ્ઞાની કેમ મધ્યસ્થ ન રહી શકે ? અર્થાત્ સંસારના સર્વ ભાવોમાં જ્ઞાની મધ્યસ્થ રહે છે. ૩૩

રજ્જુ અવિદ્યા-જનિત અહિ, મિટે રજ્જુ કે જ્ઞાન;
આતમજ્ઞાને ત્યું મિટે, ભાવ - અબોધ નિદાન. ૩૪

અંધકારમાં દૂરથી દોરડી જોતાં અજ્ઞાનથી જીવ દોરડીને સર્પ માને છે અને તેનાથી ભય પામે છે, પણ એ દોરડી છે એવું જ્ઞાન બરાબર થવાથી તેને દોરડીમાંથી સર્પની બુદ્ધિ નાશ પામે છે તેમ દેહાદિકમાં અવિદ્યાના યોગે આત્મબુદ્ધિની ભ્રાંતિ થઈ છે, પણ જ્યારે આત્માના વાસ્તવિકસ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આપોઆપ દેહાદિકમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ ટળે છે. ૩૪

ધર્મ અરૂપી દ્રવ્યકે, નહિ રૂપી પરહેત;
અપરમ ગુન રાચે નહિ, યું જ્ઞાની મતિ દેત. ૩૫

અરૂપી આત્મદ્રવ્યનો ધર્મ પણ અરૂપી છે, તે અરૂપી આત્મદ્રવ્યના ધર્મનો હેતુ રૂપીદ્રવ્ય નથી કારણ કે અરૂપી ધર્મમાં રૂપીદ્રવ્યનું હેતુપણું ઘટતું નથી તેમ પોતાની જાતિથી ભિન્ન એવું પુદ્ગલદ્રવ્ય છે, તે આત્મદ્રવ્યમાં નિશ્ચયથી જોતાં કારણભૂત થતું નથી. અપરમ ગુણમાં રાચવું નહિ. એમ જ્ઞાની પુરુષો પોતાની બુદ્ધિથી વિચારે છે. ૩૫

નૈગમનયકી કલ્પના, અપરમ-ભાવ વિશેષ;
પરમ-ભાવમેં મગનતા, અતિ વિશુદ્ધ નયરેખ. ૩૬

અપરમ - ભાવ વિશેષ નૈગમનયની કલ્પના છે, પરમભાવમાં મગનતા તે અતિશુદ્ધ નયની રેખા છે માટે શુદ્ધ આત્મભાવમાં રાચવું. અતિવિશુદ્ધ - નય એટલે શુદ્ધ નિશ્ચયનય. ૩૬

રાગાદિક જબ પરિહરી કરે સહજ ગુણ - ખોજ;
ઘટમેં ભી પ્રગટે તદા, ચિદાનંદકી મોજ. ૩૭

રાગ-દ્વેષ, પરભાવ આદિનો ત્યાગ કરીને પોતાના આત્માના સ્વાભાવિક ગુણો-જ્ઞાન આદિની ખોજ કરે, તો આત્માને પોતાના ઘટમાં જ ચિદાનંદની મોજ પ્રગટે છે.૩૭

રાગાદિક પરિણામ-યુત, મનહિ અનંત સંસાર;
તેહિજ રાગાદિક રહિત, જાને પરમપદ સાર. ૩૮

રાગ અને દ્વેષના પરિણામવાળું મન તે જ અનંત સંસાર છે અને રાગાદિક રહિત એવું મન તે જ પરમપદ જાણવું. ૩૮

ભવ-પ્રપંચ મન - જાલકી, બાજી જૂઠી મૂલ;
ચાર પાંચ દિન ખુશ લગે, અંત ધૂલકી ધૂલ. ૩૯

ભવપ્રપંચભૂત મનની બનેલી માયાજાળની બધી બાજી જૂઠી છે,

તો પણ તેમાં રાચી રહેલા જીવોને ચાર-પાંચ દિવસ, થોડા વખત સુધી ભલે સુખ લાગે, પણ અંતે તો તે ધૂલની વસ્તુ ધૂલરૂપ જ થઈ જાય છે. અર્થાત્ ભવના પ્રપંચમાંથી કાંઈ પણ સારભૂત તત્ત્વ હાથમાં આવતું જ નથી. ૩૯

મોહ બાગુરી જાલ મન, તામેં મૃગ મત હોઉં;
યામેં જે મુનિ નહિ પરે, તાકુ અસુખ ન કોઉં. ૪૦

મોહરૂપી વાઘરી છે અને મનરૂપી જાળ છે. તેમાં પડેલો જીવ મૃગસમાન જાણવો. હે મુનિઓ ! તે મનજાળમાં તમે પડશો નહિ. જે મુનિ તે મનજાળમાં પડે નહિ તેને પછી કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. ૪૦

જબ નિજમન સન્મુખ હુએ, ચિંતે ન પર ગુણ દોષ;
તબ બહુરાઈ લગાઈએ, જ્ઞાન ધ્યાન રસ પોષ. ૪૧

જ્યારે મન આત્મસન્મુખ થાય છે, ત્યારે પારકાના ગુણ-દોષ તરફ દૃષ્ટિ દેતું નથી. વિશેષ પ્રકારે આ રીતે મન જ્યારે આત્મા સન્મુખ બને ત્યારે તેને આત્મામાં લગાડવું કે જેથી જ્ઞાન અને ધ્યાનના રસની વિશેષ પુષ્ટિ થાય. ૪૧

અહંકાર પરમેં ધરત, ન લહે નિજ ગુણ ગંધ;
અહંજ્ઞાન નિજ ગુણ લગે, છુટે પરહિ સંબંધ. ૪૨

પરમાં એટલે શરીર, મન, વાણી, ઘર, ધન અને સ્ત્રી આદિમાં આત્મબુદ્ધિ - અહંકાર ધારણ કરે છે, ત્યારે આત્મા આત્મગુણની ગંધ પણ પામતો નથી પણ જ્ઞાનીપુરુષ જ્યારે આત્મામાં અને આત્માના ગુણોમાં અહમ્ વૃત્તિ ધારણ કરી પરવસ્તુથી શરીર-કર્મ આદિથી રહિત થઈ જાય છે, ત્યારે મુક્તિપદ પામે છે. ૪૨

અર્થ ત્રિલિંગી પદ લહે, સો નહિ આતમરૂપ;
તો પદ કરી કયું પાઈએ ? અનુભવગમ્ય સ્વરૂપ. ૪૩

જે આ દેખાતા ત્રણ લિંગ (સ્ત્રીલિંગ, પુરુષલિંગ અને નપુંસકલિંગ) રૂપ શરીરને આત્મારૂપે જાણે છે, તે બહિરાત્મા છે અને તે આત્માના સાચા સ્વરૂપને જાણતો નથી માટે લિંગથી ભિન્ન અનુભવગમ્ય આત્મસ્વરૂપ જાણવું ૪૩.

દિસિ દાખી નવિ ડગ ભરે, નય પ્રમાણ પદકોડિ;
સંગ ચલે શિવપુર લગેં, અનુભવ આતમ જોડી. ૪૪

શાસ્ત્રો તો દિશા માત્ર બતાવનારા છે. દિશા બતાવીને ઊભા રહે છે તેમનું કાર્ય એટલું જ છે અર્થાત્ નયશાસ્ત્ર અને પ્રમાણશાસ્ત્રનાં ક્રોડો પદ જોવા માત્રથી આત્મસ્વરૂપ તરફ એક ડગલું પણ ભરી શકાતું નથી પણ આત્માની સાથે અનુભવ જોડવાથી તે અનુભવ જ મોક્ષનગરસુધી સાથે ચાલે છે. ૪૪

આતમ-ગુણ અનુભવત ભી, દેહાદિકતેં ભિન્ન;
ભૂલે વિભ્રમ-વાસના, જોરેં ફિરે ન ખિન્ન. ૪૫

આત્માના ગુણોને અનુભવતો અને "આત્મા એ શરીરાદિથી ભિન્ન છે" એવી ભાવના કરવા છતાં પણ પૂર્વની ભ્રમવાસનના યોગે પાછું આત્મસ્વરૂપ ભૂલાય છે માટે ક્ષણે ક્ષણે આત્મસ્વરૂપ સંભારી આત્મસ્વરૂપમાં રમણતા કરવી. ૪૫

દેખે સો ચેતન નાહિ, ચેતન નાહિ દિખાય;
રોષ તોષ કિનસુ કરે ? આપ હિ આપ બુઝાય. ૪૬

આ જે દેખાય છે તે (શરીર, મન, વાણી, સાતધાતુ, ઘરબાર વગેરે વસ્તુઓ) ચેતન નથી, ચેતન = આત્મા એ દેખાતો નથી- અરૂપી છે. તો કોનાથી રોષ કરું ? અને કોનાથી તોષ માનું ? આથી પોતાના આત્માને પોતાની મેળે ઓળખી આત્મસ્વરૂપમાં જ મગ્ન રહેવું ઉચિત છે. ૪૬

ત્યાગ ગ્રહણ બાહિર કરે, મૂઢ કુશલ અંતરંગ;
બાહિર અંતર સિદ્ધકું, નહિ ત્યાગ અરૂ સંગ. ૪૭

મૂઢ જીવ બાહ્યવસ્તુમાં ત્યાગ અને ગ્રહણબુદ્ધિ ધારણ કરે છે અને કુશળ એવો અંતરાત્મા અંતરંગ-આત્મામાં ત્યાગ (= રાગદ્વેષનો તથા આઠ કર્મોનો ત્યાગ) અને ગ્રહણ (આત્માના આઠ ગુણ અને આત્માની અનંત ઋદ્ધિનું ગ્રહણ) કરે છે. અર્થાત્ અંતરાત્મા આવિર્ભાવની અપેક્ષાએ સ્વગુણ - પર્યાયનું ગ્રહણ કરે છે અને સિદ્ધાત્માને બાહ્યથી કે અંતરથી ત્યાગ કે ગ્રહણ કશું હોતું નથી. ૪૭

આતમજ્ઞાને મન ધરે, વચન-કાય-રતિ છોડ,
તો પ્રકટે શુભ વાસના, ગુણ અનુભવકી જોડ. ૪૮

મન જો વચન અને કાયાની રતિ છોડીને આત્મજ્ઞાનમાં રતિ ધારણ કરે તો અંતરમાં શુભ વાસના પ્રગટે છે અને તે આત્મગુણના અનુભવને જોડી આપે છે. ૪૮

યોગારંભીકું અસુખ, અંતર બાહિર સુખ;
સિદ્ધ - યોગકું સુખ હે, અંતર બાહિર દુઃખ ૪૯

યોગારંભીને-આત્મસ્વરૂપનો પ્રથમ અનુભવ કરનારને બાહ્ય વસ્તુમાં સુખ અને અંતરમાં દુઃખ લાગે છે પણ સિદ્ધયોગીને – યથાર્થ આત્મસ્વરૂપ જાણનારને કેવળ આત્મસ્વરૂપમાં જ સુખ લાગે છે અને બાહ્ય વિષયો દુઃખરૂપ લાગે છે. ૪૯

સો કહીએ સો પૂછીએ, તામેં ધરીયે રંગ;
યાતેં મિટે અબોધતા, બોધરૂપ હુઇ ચંગ. ૫૦

માટે તે જ આત્મસ્વરૂપ કહેવું, તે આત્મસ્વરૂપ જ પૂછવું. તેમાં જ આનંદ ધારણ કરવો જેથી અજ્ઞાનદશા નાશ પામે અને સુંદર જ્ઞાનદશાને - જ્ઞાનમય - આત્મસ્વરૂપને પામે. ૫૦

નહિ કછુ ઇંદ્રિય વિષયમેં ચેતન કુ હિતકાર;
તો ભી જન તામેં રમેં, અંધો મોહ અંધાર. ૫૧

ઇન્દ્રિયોના વિષયમાં ચેતનને કાંઈ હિતકારક-લાભ નથી. તો પણ મોહરૂપ અંધકારથી અંધ બનેલા જીવો તેમાં ઇંદ્રિયોના વિષયમાં રમે છે- આનંદ પામે છે. ૫૧

મૂઢાતમશું તે પ્રબલ, મોહે છાંડિ શુદ્ધ;
જાગતે હે મમતા ભરે, પુદ્ગલ મેં નિજ બુદ્ધિ. ૫૨

મોહથી શુદ્ધાત્માસ્વરૂપની શુદ્ધિ જેણે છોડી છે એવા મૂઢાત્માને પુદ્ગલદ્રવ્યોમાં અહંપણાની બુદ્ધિ જાગે છે અને પરદ્રવ્યમાં મમતા કરે છે. ૫૨

તાકું બોધન-શ્રમ અફલ, જાકું નહિ શુભ યોગ;
આપ આપકું બૂઝવે નિશ્ચય અનુભવ ભોગ. ૫૩

જે જીવને શુભયોગ પ્રગટયો નથી-પોતાના આત્મસ્વરૂપ પ્રત્યે રુચિ થઈ નથી તેને બોધ કરવાનો શ્રમ કરવો તે નિષ્ફળ છે. નિશ્ચયથી જોતાં પોતે જ પોતાના આત્માને સમજાવી શકાય છે, એમ અનુભવી મહાપુરુષો કહે છે. ૫૩

પરકો કિસ્યો બુઝાવનો, તું પર-ગ્રહણ ન લાગ;
ચાહે જેમેં બુઝનો, સો નહિ તુઝ ગુણ ભાગ. ૫૪

પરને-બીજાને કઈ રીતે બુઝવવો ? -જેને બોધ કરવા ઈચ્છું છું તે હું નથી, અને હે આત્મા તું બીજાને ગ્રાહ્ય નથી. તું જેનામાં બોધ કરવાને ઈચ્છે છે, તે તારા ગુણોને ભોગવનાર નથી. કેમ કે આત્મા સ્વસંવેદનગ્રાહ્ય છે. ૫૪

જબલોં પ્રાની નિજમતેં, ગ્રહે વચન મન કાય;
તબલોં હિ સંસાર થિર, ભેદ-જ્ઞાન મિટી જાય. ૫૫

મનુષ્ય જ્યાંસુધી મન, વચન અને કાયા એ ત્રણને વિશે આત્મબુદ્ધિ ધારણ કરે છે, ત્યાંસુધી તેનો સંસાર સ્થિર જાણવો અને એ ત્રણથી આત્મા ભિન્ન છે, એવું ભેદજ્ઞાન થાય ત્યારે તેનો સંસાર મટી જાય છે. ૫૫

સૂક્ષ્મ ધન જીરન નવે, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માનેં નહિ, આપની પરિણતિ તેહ. ૫૬

જાડું વસ્ત્ર પહેરવાથી હું જાડો છું, એમ જ્ઞાની પુરુષ માનતો નથી તેમ શરીર જાડું થતાં આત્મા પણ જાડો છે, એમ માનતો નથી શરીર પાતળું પડતાં આત્મા પાતળો છે, એમ માનતો નથી; જ્ઞાની તો આત્મપરિણતિવાળો જ હોય છે. ૫૬

હાનિ વૃદ્ધિ ઉજ્વલ મલિન, જ્યું કપરે ત્યું દેહ;
તાતેં બુધ માને નહિ; અપની પરિણતિ તેહ. ૫૭

જેમ કપડાની હાનિ-વૃદ્ધિ થવાથી કે કપડું ઉજ્જવળ કે મલિન થવાથી જ્ઞાની પોતાને હાનિ કે વૃદ્ધિ પામેલો અગર ઉજ્જવળ કે મલિન થયેલો માનતો નથી તેમ શરીરની હાનિ-વૃદ્ધિમાં કે ઉજ્જવળતા કે મલિનતામાં પોતાના આત્માની હાનિ-વૃદ્ધિ કે ઉજ્જવળતા કે મલિનતા જ્ઞાની માનતો નથી. ૫૭

જૈસે નાશ ન આપકો, હોત વસ્ત્રકો નાશ;
તૈસે તનુકે નાશતેં, ચેતન અચલ અનાશ. ૫૮

જેમ વસ્ત્રનો નાશ થવાથી પોતાનો નાશ થતો નથી તેમ શરીરનો નાશ થવાથી આત્માનો નાશ થતો નથી. ચેતન તો અચલ અને અવિનાશી છે.૫૮

જંગમ જગ થાવર પરે, જાકું ભાસે નિત્ત;
સો ચાખે સમતા-સુધા, અવર નહિ જડ-ચિત્ત. ૫૯

હંમેશા જેને હાલતું - ચાલતું જગત (શરીર આદિ) સ્થાવર પથ્થર આદિની જેમ જડ લાગે છે, તે સમતારૂપી અમૃતરસને ચાખે છે, બીજો જડબુદ્ધિવાળો તે સમતારૂપી અમૃત ચાખી શકતો નથી. ૫૯

મુગતિ દૂર તાકું નહિ, જાકું સ્થિર સંતોષ;
દૂર મુગતિ તાકું સદા, જાકું અવિરતિ પોષ. ૬૦

જેના મનમાં સ્થિરપણે સંતોષે નિવાસ કર્યો છે, તેને મુક્તિ દૂર નથી- મુક્તિ તેની નજીકમાં જ છે અને જેને અવિરતિની પુષ્ટિ થાય છે- જેના હૃદયમાં સંતોષ નથી તેનાથી મુક્તિ હંમેશાં દૂર છે. ૬૦

હોત વચન મન ચપલતા, જનકે સંગ નિમિત્ત;
જન-સંગી હોવે નહિ, તાતેં મુનિ જગ-મિત્ત. ૬૧

મનુષ્યોના સંસર્ગથી વચન અને મનની ચપલતા થાય છે, તેથી મુનિઓએ મનુષ્યનો સંસર્ગ ત્યજવો અને સંસર્ગનો ત્યાગ કરનાર મુનિઓ જગતના મિત્ર છે.

અહીં મનુષ્યોનો સંસર્ગ તજવાની વાત છે, તે સાપેક્ષદૃષ્ટિએ અથવા અવસ્થાવિશેષે સમજવી. સંસારરસિક, ભવાભિનંદી, રજોગુણ

એ તમોગુણથી આવૃત્ત થયેલા અર્થાત્ રજોગુણ અને તમોગુણથી રંગાયેલા મનુષ્યોનો સંસર્ગ સાધકપુરુષોએ અવશ્ય ત્યાગ કરવો જોઈએ. પરંતુ જ્ઞાની, ગુણી, યોગી, અધ્યાત્મી અને ગીતાર્થ મહાપુરુષોનો તો અવશ્ય સંગ કરવો જોઈએ. કારણ કે ગુરુકુલવાસમાં જીવનના અંતસુધી ગુણી પુરુષોની નિશ્રામાં રહેવાનું શાસ્ત્રોમાં ભારપૂર્વક પ્રતિપાદન કરવામાં આવેલું છે તેથી તાત્પર્ય એ છે કે આત્મસાધનામાં મગ્ન બનેલા યોગીઓ સામાન્યજનોને પ્રિય એવી લૌકિક પ્રવૃત્તિમાં પડે નહિ, મનમાં લૌકિક પ્રવૃત્તિને સ્થાન આપે નહિ. ૬૧

વાસ નગર વન કે વિષે; માને દુવિધ અબુદ્ધ;
આતમ-દર્શીકું વસતિ, કેવલ આતમ શુદ્ધ. ૬૨

નગર કે વન એ બેને તો અજ્ઞાની પોતાના નિવાસ માને છે- અર્થાત્ અજ્ઞાની પોતાને નગરમાં રહેતા નગરવાસી માને છે અને વનમાં રહેતા વનવાસી માને છે પણ આત્મદર્શી એવા જ્ઞાનીને તો શુદ્ધાત્મા એ જ રહેવાનું સ્થાન છે.

મનમાં જે વસ્તુનો સંકલ્પ ન હોય તે વસ્તુ પર હોય તો પણ હોવા બરાબર જ છે. તેથી વસ્તીમાં રહેવા છતાં મુનિઓ મનથી તો આત્મામાં જ - એકાંતમાં જ સ્થિત હોય છે, એમ સમજવું.

જો મનમાં જે વસ્તુનો સંકલ્પ વિકલ્પની બહુલતા હોય તો વનમાં રહે તો પણ એકાંત કહેવાય નહિ. ૬૨

આપ-ભાવના દેહમેં, દેહાંતર ગતિ હેત;
આપ-બુદ્ધિ જો આપમેં, સો 'વિદેહ' પદ દેત. ૬૩

દેહમાં આત્મબુદ્ધિ કરવી તે ભવપરંપરાનું કારણ છે પણ જો આત્મામાંજ જો આત્મબુદ્ધિ ધારણ કરે તો તે વિદેહપદ = દેહરહિત પદ = મોક્ષપદનો હેતુ છે. ૬૩

ભવિ શિવંપદ દિઇ આપકું, આપહી સન્મુખ હોઈ;
તાતે ગુરુ હે આતમા, અપનો ઔર ન કોઈ. ૬૪

પોતાનો ભવ્ય આત્મા જ આત્માની સન્મુખ બની આત્માને મોક્ષપદ આપે છે. એટલા માટે વાસ્તવિક રીતિએ-નિશ્ચયનયથી આત્મા જ આત્માનો ગુરુ છે પણ બીજો કોઈ આત્માનો ગુરુ નથી. ૬૪

સોવત હે નિજ ભાવમેં, જાગે તે વ્યવહાર;
સુતો આતમ-ભાવમેં, સદા સ્વરૂપાધાર. ૬૫

જે વ્યવહારમાં જાગે છે તે આત્મભાવમાં ઉંઘે છે, વ્યવહારમાં ઉંઘે છે, તે હંમેશા સ્વ-પોતાના રૂપના આધારભૂત એવા આત્મભાવમાં જાગતા છે. ૬૫

અંતર ચેતન દેખકે, બાહિર દેહ સ્વભાવ;
તાકે અંતર જ્ઞાનતેં, હોઈ અચલ દ્રઢભાવ. ૬૬

જેઓ આત્માને અંતરમાં દેખી અને દેહસ્વભાવને બાહ્યરૂપે દેખે, તેઓ અંતરના જ્ઞાનથી અચલ અને દૃઢભાવવાળા થાય છે. ૬૬

ભાસે આતમજ્ઞાન ધુરિ, જગ ઉન્મત્ત સમાન;
આગે દૃઢ અભ્યાસતેં, પથ્થર તૃણ અનુમાન. ૬૭

પ્રારબ્ધયોગી-એવા આત્મજ્ઞાનીને પ્રથમ જગત ઉન્મત્તની જેવું જણાય છે પણ આગળ દૃઢઅભ્યાસથી તત્પર અને તૃણ જેવું ભાસે છે. ૬૭

ભિન્ન દેહતેં ભાવિયે, ત્યું આપહીમેં આપ;
જ્યું સ્વપ્નહીમેં નહિ હુએ, દેહાતમ ભ્રમ-તાપ. ૬૮

આત્માને શરીરથી ભિન્ન વિચારીએ તો આત્મામાં જ આત્મા

જણાય. જેથી સ્વપ્નમાં પણ "દેહ એ જ આત્મા છે." એવા ભ્રમનો તાપ ન થાય. ૬૮

પુણ્ય પાપ વ્રત અવ્રત, યુગતિ દોઉકે ત્યાગ;
અવ્રત પરે વ્રત ભી ત્યજે, તાતેં ધરિ શિવ-રાગ. ૬૯

પુણ્ય-પાપ, વ્રત-અવ્રત અથવા વ્રતથી પુણ્ય, અવ્રતથી પાપ અને તે બંનેના ત્યાગથી મુક્તિ થાય છે માટે મોક્ષાર્થી મોક્ષનો રાગ ધારણ કરી અવ્રતની પેઠે છેવટે વ્રતથી પણ નિવૃત્ત થાય છે. ધર્મસંન્યાસ નામનો યોગ પ્રાપ્ત થાય છે, ત્યારે યોગ સામર્થ્યના બળે પછી તેને વ્રતની જરૂર રહેતી નથી. તે અવસ્થામાં ઈચ્છા વિના પણ શુભયોગનું પ્રવર્તન સ્વાભાવિક રીતે જ ચાલુ હોય છે. જેમ પ્રથમ દંડની પ્રેરણાથી ચક્રનું ભ્રમણ થાય છે પછી દંડની પ્રેરણાવિના પણ પોતાની મેળે જ ચક્રભ્રમણ ચાલે છે તેમ યોગની ઉચ્ચભૂમિકામાં સહજ પ્રયત્ન વિના જ આત્માની પવિત્રતા જળવાઈ રહે છે. ૬૯

પરમ - ભાવ પ્રાપ્તિ લગે, વ્રત ધરિ અવ્રત છોડિ;
પરમ - ભાવ - રતિ પાય કે, વ્રત ભી ઈન મેં જોડિ. ૭૦

પ્રથમ હિંસા વગેરે અવ્રતોનો ત્યાગ કરવો જરૂરી છે અને જ્યાં સુધી પરમ વીતરાગભાવ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી મહાવ્રતોને ધારણ કરવા જોઈએ. પછી પરમ વીતરાગતા રૂપ પદ પમાય ત્યારે વ્રતને પણ તેમાં જોડી દેવા. ૭૦

દહન સમેં જ્યું તૃણ દહે, ત્યું વ્રત અવ્રત છેદિ;
ક્રિયા શક્તિ ઈનમેં નહિ, યા ગતિ નિશ્ચય ભેદ. ૭૧

જેમ અગ્નિ તૃણને બાળીને પોતે તેમાં સમાઈ જાય છે, તેમ વ્રત પણ અંતે વિલયભાવને પામે છે. અવ્રતને છેદવાની ક્રિયાશક્તિ વ્રતમાં નથી. બાહ્ય અને અભ્યંતર બે પ્રકારના અવ્રતને છેદવાની

શક્તિ તો નિશ્ચયનયથી આત્માનાં સ્વભાવમાં રહેલી છે. ૭૧

વ્રત. ગુણ ધારત અવ્રતિ, વ્રતિજ્ઞાન ગુણ હોઈ,
પરમાતમકે જ્ઞાનતેં, પરમ-આતમા હોઈ. ૭૨

અવ્રતી વ્રતગુણ ધારણ કરીને અને વ્રતી જ્ઞાનગુણ ગ્રહણ કરીને અનુક્રમે પરમાત્મજ્ઞાનથી સંપન્ન થઈને પરમાત્મા થાય છે. ૭૨

લિંગ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિં, લિંગ-પક્ષ-રત જેહ. ૭૩

લિંગ એટલે જટા ધારણ કરવી, ભગવાં વસ્ત્રો પહેરવાં, દંડ ધારણ કરવો, અમુક શરીર ઉપર ચિહ્ન ધારણ કરવા, તે સર્વ દેહને આશ્રય કરીને રહેલા છે, અને દેહ તે સંસારનું કારણ છે, તેથી જેઓ માત્ર લિંગ-ચિહ્નમાં જ આગ્રહ રાખનારા છે એવા કદાગ્રહવાળા જીવો મુક્તિ પામતા નથી. ૭૩

જાતિ દેહ આશ્રિત રહે, ભવકો કારણ દેહ;
તાતેં ભવ છેદે નહિ, જાતિ-પક્ષ-રત જેહ. ૭૪

બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જાતિ તે દેહને આશ્રીને રહી છે અને દેહ એ સંસારનું કારણ છે, માટે જેઓ માત્ર જાતિમાં જ રક્ત રહે છે- જાતિનું જ અભિમાન કરે છે, તેઓ સંસારનો છેદ કરી શકતા નથી- મુક્તિ પામતા નથી. ૭૪

જાતિ-લિંગ કે પક્ષમેં, જિનકું હે દ્રઢ - રાગ;
મોહ-જાલમેં સો પરેં, ન લહે શિવ-સુખ ભાગ. ૭૫

જે મનુષ્યને જાતિ અને લિંગના પક્ષમાં જ એકાંત દ્દઢરાગ છે એટલે જાતિ અને લિંગને જ મુક્તિનું કારણ માને છે, તે અજ્ઞાની જીવ મોહની જાળમાં ફસાયેલો છે. તે મોક્ષસુખ પામી શકતો નથી. ૭૫

લિંગ દ્રવ્ય ગુન આદરે, નિશ્ચય સુખ વ્યવહાર;
બાહ્ય લિંગ હઠ નયં મતિ, કરે મૂઢ અવિચાર. ૭૬

દ્રવ્યલિંગ છે તે આત્મગુણોનો સ્વીકાર કરવામાં હેતુભૂત છે, નિશ્ચયનયથી સાધ્ય જે મોક્ષસુખ તેમાં દ્રવ્યલિંગરૂપ વ્યવહાર કારણભૂત છે, પણ દ્રવ્યલિંગ એકાંતે મોક્ષનું કારણ નથી, તેમ છતાં જે મૂઢ કેવળ બાહ્યલિંગમાં જ હઠ-કદાગ્રહ રાખે છે, તે વસ્તુના યથાર્થસ્વરૂપનો વિચાર કરી શકતો નથી. ૭૬

ભાવ લિંગ જાતેં ભયે, સિદ્ધ પનરસ ભેદ;
તાતેં આતમકું નહિ, લિંગ ન જાતિ ન વેદ. ૭૭

ભાવલિંગ ઉત્પન્ન થતાં સિદ્ધના પંદર ભેદો થયા, માટે આત્માને લિંગ, જાતિ કે વેદ કશું નથી. આત્મા સ્વગુણોથી જ સિદ્ધ થાય છે, ભાવલિંગ છે તે આત્માના ગુણસ્વરૂપ છે. ૭૭

પંગુ દૃષ્ટિ જ્યું અંધમે, દ્રષ્ટિ-ભેદ નહુ દેત;
આતમ-દૃષ્ટિ શરીરમેં ત્યું ન ધરે ગુન હેત. ૭૮

જેમ સમજુ માણસ પાંગળાની દૃષ્ટિને આંધળાની દૃષ્ટિ માનતો નથી તેમ જે દેહ અને આત્માના ભેદને જાણે છે તે ગુણના હેતુરૂપ આત્માની દૃષ્ટિને શરીરમાં ધારણ કરતો નથી. અર્થાત્ અંતરાત્મા શરીરથી ન્યારો વર્તે છે. ૭૮

સ્વપ્ન વિકલતાદિક દશા, ભ્રમ માને વ્યવહાર;
નિશ્ચયનયમેં દોષ-ક્ષય, વિના સદા ભ્રમચાર. ૭૯

વ્યવહારનય સ્વપ્ન અને વિકલતા-ઉન્મત્તપણા આદિ દશાને ભ્રમરૂપ માને છે, નિશ્ચયનયમાં તો દોષનો ક્ષય થયેલ હોવાથી સદાય ભ્રમનો ચાર નથી. અર્થાત્ આત્મદર્શી અંતરાત્માને સુપ્તાદિ અવસ્થામાં પણ વિભ્રમ નથી તો જાગ્રત અવસ્થામાં વિભ્રમ ક્યાંથી હોય ? ૭૯

છૂટે નહિ બહિરાતમા, જાગતભી પઢિ ગ્રંથ;
છૂટે ભવર્થે અનુભવી, સુપન-વિકલ નિર્ગ્રંથ. ૮૦

બહિરાત્મા ગ્રંથો ભણે, જાગતો રહે તો પણ કર્મથી છૂટતો નથી તેમજ અનુભવી અંતરાત્મા મુનિ દૃઢ અભ્યાસને લીધે નિદ્રા લેતો હોય કે વિકલ હોય તો પણ સંસારથી છૂટે છે - કર્મરહિત થાય છે. ૮૦

પઢિ પાર કહાં પાવનો ? મિટયો ન મનકો ચાર;
જ્યું કોલ્હુકે બેલકું, ઘરહી કોસ હજાર. ૮૧

જો મનના વિકલ્પો ન મટે તો ભણીને પણ પાર શી રીતે પામી શકાય ? કોલુનો બળદ આખો દિવસ ફર્યા કરે અને મનમાં જાણે કે હું હજારો ગાઉ ચાલ્યો પણ તે ઘેરનો ઘેર જ હોય છે. ૮૧

તિહાં બુદ્ધિ થિર પુરુષકી, જિહાં રુચિ તિહાં મનલીન;
આતમ-મતિ-આતમ-રુચિ, કાહુ કોન આધીન ? ૮૨

જ્યાં મનુષ્યની બુદ્ધિ સ્થિરપણે ચોંટે છે ત્યાં તેની રુચિ પણ થાય છે અને મન પણ તેમાં લીન બને છે, જેને આત્મવિષયમાં જ મતિ થાય છે, આત્મામાં જ રુચિ થાય છે - આત્મામાં જ પ્રીતિ થાય છે, તે પુરુષ બીજા કોને આધીન છે ? અર્થાત્ તે બીજા કોઈને આધીન નથી. ૮૨

સેવત પરમ પરમાત્મા, લહે ભવિક તસ રૂપ;
બતિયાં સેવત જ્યોતિકું, હોવત જ્યોતિ-સરૂપ. ૮૩

પરમાત્માની સેવા કરવાથી ભવ્ય જીવ તે પરમાત્માના રૂપને પામે છે,-જેમ દીપથી ભિન્ન એવી વાટ તે દીપની જ્યોતિને સેવીને પોતે પણ જ્યોતિસ્વરૂપ બને છે. ૮૩

આપ આપમેં સ્થિત હુએ, તરૂર્થે અગ્નિ-ઉદ્યોત;
સેવત આપહિ આપકું, ત્યું પરમાતમ હોત. ૮૪

આત્મા આત્મામાં સ્થિર થવાથી પરમાત્મરૂપ બને છે, જેમ વૃક્ષ પોતેપોતાની સાથે ઘસાતાં વૃક્ષમાં અગ્નિ પ્રગટે છે અને પોતે અગ્નિરૂપ થઈ જાય છે, તેમ આત્મા પણ આત્માનું ધ્યાન કરતાં પરમાત્મરૂપ થઈ જાય છે. ૮૪

યાહિ પરમપદ ભાવિયે, વચન અગોચર સાર;
સહજ જ્યોતિ તો પાઈયે, ફિર નહિ ભવ-અવતાર. ૮૫

આ આત્મા જ મોક્ષપદ છે, એમ ભાવીએ અને તેવી ભાવનાથી વચનને અગોચર એવું મોક્ષપદ પમાય છે, અને તેથી આત્માની સ્વાભાવિક જ્યોતિ (કેવળજ્ઞાન) પ્રાપ્ત થાય છે અને તેથી ફરીથી સંસારમાં અવતાર-જન્મ થતો નથી.

જ્ઞાનીકું દુઃખ કછુ નહિ, સહજ સિદ્ધ નિર્વાણ;
સુખ પ્રકાશ અનુભવ ભએ, સબહિ ઠોર કલ્યાણ. ૮૬

જ્ઞાનીને કોઈ પણ પ્રકારનું દુઃખ નથી, જ્ઞાનીને સહજ રીતે મોક્ષ સિદ્ધ થાય છે. સુખનો પ્રકાશ કરનાર અનુભવ ઉત્પન્ન થતાં સર્વત્ર કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ૮૬

સુપન-દૃષ્ટિ સુખ નાશતેં, જ્યું દુઃખ ન લહે લોક;
જાગર-દૃષ્ટિ વિનષ્ટમેં, ત્યું બુધકું નહિ શોક. ૮૭

સ્વપ્નમાં જોયેલ સુખનો નાશ થવાથી જેમ લોક દુઃખ પામતો નથી તેમ જાગ્રત અવસ્થામાં જોયેલ શરીર આદિનો નાશ થવાથી પંડિતજનને શોક થતો નથી. ૮૭

સુખ - ભાવિત દુઃખ પાય કે, ક્ષય પાવે જગજ્ઞાન;
ન રહે સો બહુ તાપમેં, કોમલ ફૂલ સમાન. ૮૮

સુખભાવિત જ્ઞાન-શાતાવેદનીયના યોગે ભાવિત જ્ઞાન, દુઃખ પ્રાપ્ત થતાં નાશ પામે છે- દુઃખના વખતમાં ટકી શકતું નથી. જેમ બહુ તાપમાં કોમળ ફૂલ કરમાઈ જાય છે, તેમ સુખભાવિત જ્ઞાન દુઃખ પડવાથી રહે નહિ. અર્થાત્ કષ્ટ વખતે સુખભાવિત જ્ઞાનવાળાને સમાધિ રહેતી નથી પણ તે અસમાધિમાં પડી જાય છે. ૮૮

દુઃખ - પરિતાપે નવિ ગલે, દુઃખ-ભાવિત મુનિ-જ્ઞાન;
વજ્રગલે નવિ દહનમેં, કંચનકે અનુમાન. ૮૯

અને દુઃખના પરિતાપથી દુઃખ ભાવિત-સમતાપૂર્વક દુઃખને સહન કરનાર મુનિવરનું જ્ઞાન ગળી જતું નથી- નાશ થતું નથી. જેમ અગ્નિમાં વજ્ર ગળતું નથી અને સોનાને અગ્નિમાં નાંખવાથી પોતાનું મૂળ સ્વરૂપ ત્યાગતું નથી પણ ઉલટું વધારે શુદ્ધ થાય છે, તેમ દુઃખના પરિતાપથી-પરિષહ આદિથી મુનિનું જ્ઞાન ગળી જતું નથી પણ વધારે શુદ્ધ થાય છે. ૮૯

તાતેં દુઃખસું ભાવિએ, આપ શક્તિ અનુસાર;
તો દૃઢતર હુઇ ઉલ્લસે, જ્ઞાન-ચરણ-આચાર. ૯૦

તેથી પોતાની શક્તિ અનુસાર શારીરિક આદિ કષ્ટ સહન કરી આત્માને ભાવવો કે જેથી આત્માનો ઉપયોગ સ્થિર થઈ ઉલ્લાસ પામે અને એમ કરવાથી જ્ઞાન અને ચારિત્રનો દૃઢભાવ થાય. ૯૦

રનમેં લરતે સુભટ જ્યું, ગિને ન બાન-પ્રહાર ;
પ્રભુ-રંજન્ન કે હેત ત્યું, જ્ઞાની અસુખ-પ્રચાર. ૯૧

યુદ્ધમાં લડતા સુભટો જેમ બાણના પ્રહારને ગણતા નથી, તેમ

આત્મારૂપ પ્રભુને રંજન કરવા માટે કર્મરૂપી શત્રુની સાથે લડતા જ્ઞાનીપુરુષો પણ દુઃખના પ્રચારને ગણતા નથી. ૯૧

વ્યાપારી વ્યાપારમેં, સુખ કરિ માને દુઃખ;
ક્રિયા કષ્ટ સુખમેં ગિને, ત્યું વાંછિત મુનિ-મુખ્ય. ૯૨

જેમ વ્યાપારીને વ્યાપાર કરતાં અનેક પ્રકારનું દુઃખ થાય છે, છતાં તેને તે સુખ કરીને માને છે, તેમ મુનિરાજ પણ આત્મસુખની વાંછા કરતા ક્રિયાના કષ્ટોને-દુઃખોને પણ સુખરૂપ માને છે. પરિષહ વગેરેથી ઉત્પન્ન થતાં દુઃખોને પણ સુખરૂપ માને છે. ૯૨

ક્રિયા યોગ અભ્યાસ હે, ફલ હે જ્ઞાન અબંધ;
દોનુંકું જ્ઞાની ભજે, એક-મતિ મતિ - અંધ. ૯૩

યોગ અભ્યાસરૂપ ક્રિયા છે અને અબંધ (કર્મબંધનો અભાવ) રૂપ ફળવાળું જ્ઞાન છે. જ્ઞાની પુરુષ જ્ઞાન અને ક્રિયા એ બંનેને સેવે છે. જે એકની મતિવાળો હોય - જ્ઞાન અને ક્રિયામાંથી એકને સેવે અને એકને ન સેવે તે અંધ છે- અજ્ઞાની છે. અર્થાત્ એવો એકાંતવાદી તત્ત્વને પામી શકતો નથી. ૯૩

ઈચ્છા શાસ્ત્ર સમર્થતા, ત્રિવિધ યોગ હે સાર;
ઈચ્છા નિજ શકતે કરી, વિકલ યોગ વ્યવહાર. ૯૪

(૧) ઈચ્છાયોગ (૨) શાસ્ત્રયોગ અને (૩) સામર્થ્યયોગ આ ત્રણે યોગ સારભૂત છે. (જે યોગદષ્ટિ સમુચ્ચય આદિ ગ્રન્થોમાં બતાવ્યા છે.) ઈચ્છાયોગ એટલે પોતાની શક્તિ મુજબ સૂત્રાર્થનું ઈચ્છકપણું હોય પણ ક્રિયા આદિ આચરણ બરાબર શુદ્ધ ન હોય- વિકળ હોય - ૯૪.

શાસ્ત્ર-યોગ ગુન-ઠાણકો, પુરન વિધિ આચાર;
પદ અતીત અનુભવ કહ્યો, યોગ તૃતીય વિચાર. ૯૫

ગુણઠાણાને યોગ્ય અવિકલ અર્થાત્ પૂર્ણ વિધિઆચારવાળો યોગ હોય તે શાસ્ત્રયોગ કહેવાય છે અને શાસ્ત્રમાં બતાવેલા જે ઉપાયો તેનું અતિક્રમણ કરીને શક્તિના અધિકપણાથી ધર્મવ્યાપારયોગ આદરે તે ત્રીજો સામર્થ્ય નામનો યોગ છે. ૯૫

રહે યથા બલ યોગ મેં, ગ્રહે સકલ નય સાર;
ભાવજૈનતા સો લહે, વહે ન મિથ્યાચાર. ૯૬

યથાશક્તિ યોગબળમાં રહી જે સકલ નયનો સાર ગ્રહણ કરે છે. અર્થાત્ મધ્યસ્થપણું ધારણ કરે છે, તે મિથ્યાચારને ઇચ્છતો નથી અને તે જ ભાવજૈનપણું પામે છે. ૯૬

મારગ-અનુસારી ક્રિયા, છેદે સો મતિહીન;
કપટ-ક્રિયા-બલ જગ ઠગે, સો ભી ભવજલ મીન. ૯૭

મોક્ષમાર્ગને અનુસરનારી જે જે શુભક્રિયાઓ શાસ્ત્રમાં બતાવવામાં આવી છે, તે શુભક્રિયાઓનો જે છેદ કરે છે, તે જીવ મતિહીન જાણવો. તેમજ કપટક્રિયાના બળથી જે જગતને ઠગે છે, તે પણ સંસાર સમુદ્રમાં મત્સ્યની જેમ પરિભ્રમણ કરે છે. ૯૭

નિજ નિજ મતમેં લરિ પરે, નયવાદી બહુ રંગ;
ઉદાસીનતા પરિણમે, જ્ઞાનીકું સરવંગ. ૯૮

એક એક નયનો વાદ કરનારા પોત-પોતાના મતમાં પરસ્પર ખંડન-મંડન કરીને લડી પડે છે. તે નયવાદીઓનો એકબીજાનો ઝઘડો જોઈને જે જ્ઞાની છે તે તો સર્વ રીતિએ ઉદાસીન-મધ્યસ્થભાવમાં લીન રહે છે. ૯૮

દોઉ લરે તિહાં ઇક પરે; દેખનમેં દુઃખ નાંહિ;
ઉદાસીનતા સુખ - સદન, પર પ્રવૃત્તિ દુઃખ છાંહિ. ૯૯

બે વાદીઓ લડે તેમાં એક પડે-હારે ત્યાં મધ્યસ્થભાવે રહીને નિરીક્ષણ કરવામાં દુઃખ નથી પણ તેમાં પ્રવેશ કરી નયવાદથી હઠ-કદાગ્રહ કરવાથી દુઃખ થાય છે. જ્ઞાની આવું નયવાદીઓનું સ્વરૂપ જાણીને ઉદાસીનભાવે રહે છે. તે ઉદાસીનતા એ સુખનું ઘર છે. પરમાં પ્રવૃત્તિ કરવી તે દુઃખની છાયા છે, જ્ઞાની પરમાં પ્રવૃત્તિ કરતો નથી. ૯૯

ઉદાસીનતા સુરલતા, સમતારસ ફલ ચાખ;
પર-પેખનમેં મત પરે, નિજગુણ નિજમેં રાખ. ૧૦૦

ઉદાસીનતા એ કલ્પવેલી છે. તેના સમતારસ રૂપ ફળને ચાખો. પોતાના સ્વભાવમાં પોતાના ગુણને પોતામાં રાખી, પર-પદાર્થને જોવામાં પડીશ નહિ. ૧૦૦

ઉદાસીનતા જ્ઞાન-ફલ, પર-પ્રવૃત્તિ હૈ મોહ;
શુભ જાનો સો આદરો, ઉદિત વિવેક-પ્રરોહ. ૧૦૧

ઉદાસીનતા એ જ્ઞાનનું ફળ છે, અને પરમાં પ્રવૃત્તિ કરવી એ મોહ છે. જેને વિવેકનો પ્રરોહ ઉત્પન્ન થયો છે, એવા હે ભવ્ય જીવો ! જે સારું લાગે તેનો આદર - કરો. ૧૦૧

દોધક શતકે ઉદ્ધર્યું, તંત્ર સમાધિ વિચાર;
ધરો એહ બુધ ! કંઠમેં ભાવરતનકો હાર. ૧૦૨

આ સમાધિના વિચારરૂપી તંત્ર સો દોધકછંદથી ઉદ્ધર્યો - બનાવ્યો હે પંડિતપુરુષો ! ભાવરત્નોનો આ હાર કંઠમાં ધારણ કરો. ૧૦૨

જ્ઞાન વિમાન ચારિત્ર પવિ, નંદન સહજ – સમાધિ;
મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધિ. ૧૦૩

જ્ઞાનરૂપ વિમાનમાં મુનિરૂપી ઈંદ્ર બેસે છે, હાથમાં ચારિત્રરૂપી વજ્ર ધારણ કરે છે. સહજ - સમાધિરૂપી નંદનવનમાં તે મુનિરૂપી ઈંદ્ર સમતારૂપી ઈંદ્રાણી સાથે અગાધ આનંદ કરે છે. ૧૦૩

કવિ જશવિજયે રચ્યો, દોધક શતક-પ્રમાણ;
એહ ભાવ જો મન ધરે, સો પાવે કલ્યાણ. ૧૦૪

કવિ યશોવિજયે (ઉપાધ્યાયજી મ.) દોધકછંદમાં સો શ્લોક પ્રમાણ આ ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથનો ભાવ જે મનમાં ધારણ કરશે તે કલ્યાણને પામશે. ૧૦૪

*

ખાના પીના સોવના, મિલના વચન વિલાસ;
જ્યૌંજ્યૌં પાંચ ઘટાઈયેં. ત્યૌં ત્યૌં આત્મપ્રકાશ.

ખાવાનું, પીવાનું, સુવાનું, હળવા-મળવાનું અને બોલવાનું આ પાંચ વસ્તુ જેમ જેમ ઘટાડીએ તેમ તેમ આત્મપ્રકાશ પ્રાપ્ત થાય. - વાંચનમાંથી તારવેલું.